
12 ઊમૂર ન્યૂઝલેટર

# સિલ્કે હયાત

## ઉમુર અમલાક

અંક 9 – રબીઉલ આખર 1443 હી. – ગુજરાતી




સૈફી પાર્ક નૈરોબીનું હવાઈ દ્રશ્ય

અમીરૂલ જામેઅતુસ સૈફિયાહ અલમુકદ્દસ સૈયદી યુસુફ ભાઈસાહેબ નજમુદ્દીન (ક.રૂ.)એ ફરમાવ્યું કે શિક્ષણના ચાર કેન્દ્રો છે, ચાર મીમ્ છે- મસ્જિદ, મદ્રેસાહ, મંઝિલ અને મુજતમેઅ.

હુદાત કિરામ (અ.સ.)એ ચારે કેન્દ્રોની ઇમારત માટે ઘણા પ્રયત્નો કર્યા છે, જેથી ફરઝંદોની તરબિયત ખૂબ સારી રીતે થાય, આજે ઉમુર અમલાકના ખિદમતગુઝારોને તેની જાળવણી અને વિકાસની ખિદમત સોંપવામાં આવી છે.

# મિલકત થી સંસ્કૃતિની ઓળખાણ

મિલકત થી સંસ્કૃતિની ઓળખાણ

પૌરાણિક યુગથી માણસ પોતાની વસાહતો અને સભ્યતા રચે છે, જેથી તેની ઓળખાણને દર્શાવે અને સાચવી રાખે, તેની સંસ્કૃતિની અને પોતાની સુરક્ષા કરે. જેમ્ ચીની, મેસોપોટેમીયા, રોમન અને સિંધુ ખીણની જેવી વસાહતોમાં જોવા મળે છે. દરેકે પોતાના ગામની એવી રીતથી સ્થાપના કરી કે લાંબા સમય સુધી તે સુરક્ષિત રહે અને તેની સંસ્કૃતિનો પરિચય થાય, આજ સુધી તે દરેકની અસરો બાકી છે.

ખુદા તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે કે પહેલાંની કોમોની ઝીકરમાં અકલમંદ લોકો માટે સબક છે, શિખામણ છે. તે બધાના શહેર આયોજનનો અભ્યાસ કરીએ તો એમ જોવાઈ છે કે બધામાં એક સામાન્ય તત્વ મૌજૂદ છે. દરેક સ્થાપનાની શરૂઆત એક કેન્દ્રના બાંધકામથી થયો છે કે જે તે સ્થાપનના વચ્ચમાં હતો, જેમ્ દિલ મનુષ્યના શરીરમાં વચ્ચમાં છે. તેનાંથી એમ સ્પષ્ટ થાય છે કે આ કેન્દ્ર એ આધાર અને અર્થથી તે વસાહતના દિલ અને જીવનનું મૂળ હતું, કેમ કે તે કેન્દ્ર સંસ્કૃતિનો એક અવતાર છે, પ્રતિક છે.

જેમ કે, રોમના ગામ એથેન્સમાં એક મશહૂર મહાન ઈમારત છે, જેને ફોરમ કહે છે. આ ફોરમ રોમનાં લોકોનો સમુદાય કેન્દ્ર અથવા ટાઉન હૉલ હતો, જ્યાં બધા ભેગા થઈને સમુદાયના પ્રશ્નોમાં નજર કરતાં અને મુખ્ય નિર્ણયો લેતાં, અને તે બધા દીની અને દુન્યવી રસમો આયોજિત કરતાં. ચીનમાં પણ એક જૂનું ગામ છે - બેનપો, કે જેની ગ્રામ્ય રચના પણ આ જ રીતે હતી. વચમાં એક મોટો હોલ હતો અને તેનાં ચારેબાજુ ગોળાકાર ઘરો હતા. એવી જ રીતે મેસોપોટેમિયામાં એરિડુ ગામ હતું.

**કેન્દ્ર બનાવવા અને આબાદ કરવાના કારણે કોમ આબાદ થાય છે.**

મદીના મુનવ્વરાની તારીખથી એમ સાબિત થાય છે કે ઉમ્મતે ઈસ્લામ માટે એક કેન્દ્રનું શું મહત્વ છે. અરબી ભાષામાં મદીના મુનવ્વરાનો અર્થ "નૂરાની શહેર" છે, મદિનાને આ નામ રસુલુલ્લાહ (સ.અ.વ.)ના કારણે મળ્યું, પેહલા તેનું નામ યસરીબ અને તૈયબા હતું. જે વખતે રસુલુલ્લાહ (સ.અ.વ.) મક્કા મુકર્રમાથી હિજરત કરીને યસરીબ પધાર્યા તે વખતે આપ એ પેહલા "મસ્જિદૂન નબવી" બનાવી. અને પોતાના અસ્હાબોએ તે મસ્જિદના ચારે તરફ પોતાના ઘરો બનાવ્યા, આ રીતે અમલ કરવાથી ઉમ્મતે મુસલમાન માટે એક કેન્દ્ર તૈયાર થઈ ગયું, અને તેનું નામ મદીના મુનવ્વરા થઈ ગયું.

તે જ રીતે ઈમામ મોઈઝ બિલ્લાહ (સ.અ.) એ અમલ ફરમાવ્યું, આપ એ મૌલાના કાઈદ જોહર (રી.અ.)ને મિસર ફતેહ કરવા માટે મોકલ્યા, મૌલાના કાઈદ જોહર (રી.અ.)એ ઈમામ (સ.અ.)ના હુકમથી મિસર ફતેહ કર્યા પછી મોઇઝ્ઝીયતુલ કાહેરાનું શહેર બનાવ્યું, તેમાં પેહલા અલ જામેઅ અલ અઝહર બનાવી અને તેનાં ચારે તરફ તમામ ઈમારતો બનાવી. રસુલુલ્લાહ (સ.અ.વ.) અને આપના શેહઝાદા ઈમામ મોઈઝ (સ.અ.)ના આ અમલ થી સાબિત

થાય છે કે કોમ માટે એક કેન્દ્રનું શું મહત્વ છે. કેન્દ્ર બનાવવા અને આબાદ કરવાના કારણે કોમ આબાદ થાય છે.

દીન ના ચાર મરકઝો (કેન્દ્રો) છે, ચાર મીમ્ છે- મસ્જિદ, મદ્રેસાહ, મંઝિલ અને મુજતમેઅ (સમાજ). આ ચાર કેન્દ્રો બનવાના કારણે મુમેનીનને સમુદાયી દ્રષ્ટિથી સામાન્ય અને મુમિનની હેસિયતથી ખાસ ફાયદાઓ મળે છે. ઈબાદત કરવાની અને આલે મોહમ્મદ (સ.અ.વ.)નું ઇલ્મ ફેલાવાની ખાસ જગ્યા મળે છે, મુમેનીનના સામાજિક સમારોહ થાય જેમાં ફાતેમી સંસ્કૃતિ અને ઈમાનની તરબીયતની રોનક, વૈભવ અને આનંદ હોય છે, તેનાં થી મુમેનીનનું કોમી બંધન વધારે મજબૂત થાય છે. રસુલુલ્લાહ (સ.અ.વ.) ની હદીસ શરીફ થી આ વાત સાબિત થાય છે, આપ ફરમાવે છે કે "મુમિન મુમિન માટે ઈમારત જેમ્ છે જે એક બીજાને મજબૂત કરે છે", તે સાથે પોતાના ઘરમાં તે સૂકુન અને સુરક્ષાથી રહે છે, આ રસ્તા પર એક મુમિનની ઝીંદગી એક સારું જીવન બની જાય છે, સામાજિક ઓળખ મળે છે, પોતાપણું અનુભવાય છે અને મુમેનીનની આવનાર પેઢીઓ માટે ...?

આજે ઈમાનના શહેરોમાં દાઉદી બોહરા કોમના મોહલ્લાહ અને કેટલીક ખાસ કોલોની બની છે કે જેમાં આ 4 કેન્દ્રો અને રહેણાંક માટેની તમામ વસ્તુઓ ઉપલબ્ધ કરવામાં આવી છે, મુમેનીન તેમાં સુકુન, સુરક્ષા અને સંતોષથી ઝીંદગી ગુજારે છે. અદ્દાઈલ અજલ સૈયદના આલિકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ.)એ આ વર્ષ અશરા મુબારકામાં જે ઝીકર ફરમાવી, તેમાંથી અમુક જગ્યાઓની ખાસ ઝીકર ફરમાવી. નૈરોબીમાં સૈફિ પાર્ક જેમાં અલજામેઅતુસ સૈફિયાહની આલીશાન ઇમારત છે, ઈન્દોરમાં મોહલ્લાહો અને સૈફી કોલોની, સિદ્ધપુર, એહમદાબાદ, સુરતના મોહલ્લાહ જે "પૂરા"થી ઓળખાય છે (નૂરપુરા વગેરે) અને બુસ્તાન, મુંબઈના મોહલ્લાહ અને ખાસ **SBUT** પ્રખ્યાત છે.

મુમેનીન પર બે રીતે આ મોહલ્લાહો અને કોલોનીઓની સુરક્ષા અને જાળવણી કરવું ફરજ થાય છે, એક તો એમ કે રસુલુલ્લાહ (સ.અ.વ.) ફરમાવે છે કે જમીન તમારી માઁ છે, જે હંમેશા તમારા માટે ભલાઈ કરે છે અને તમારું ભલું ઈચ્છે છે. તો મુમિન પર ફરજ છે કે પોતાના માઁ - જે જમીનમાં તે જનમ્યા, મોત થયા અને જિંદગી ગુજારે છે તેનું બરાબર ખ્યાલ રાખે.

અને બીજું એમ કે દાવતની તમામ મિલ્કતો અને જમીનો દાઈઝ઼ ઝમાન (ત.ઉ.શ.)ની અમાનત છે, મુમેનીન પર ફરજ છે કે તેને કાળજીથી સંભાળે, તેની જાળવણી કરે, આબાદ કરે, સમય, નકશી

ગુણવત્તા અને ફાઇનાન્સનો ખાસ ખ્યાલ રાખે.

આ કામને લઈ ઉઠવા માટે અદ્દાઈલ અજલ સૈયદના આલિકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ.)ના ફરમાને આલીથી મુમેનીનની જમાઅતના 12 ઉમુરના હેઠળ "ઉમુર અમલાક" રચવામાં આવ્યું છે જે આ ખિદમતને જિમ્મેદારી અને ખૂબીથી અંજામ આપી રહ્યા છે. દરેક મુમિન પર ફરજ છે કે તે પણ આ કાર્યમાં ખિદમતગુઝારોને મદદ કરે, જેમ મધમાખી પોતાના મધપૂડાની સુરક્ષા ને જાળવણી કરે છે તેમ મુમિન પોતાના મોહલ્લાહ અને દાઅવતની મિલ્કતોની સુરક્ષા કરે, કેમ કે દરેક મુમિન મૌલાની મોહબ્બત અને અનુસરણમાં મધમાખીની જેમ છે.

ઉમુર અમલાકનુ લક્ષ્ય બયાન કરતાં મૌલાનલ મીનઆમ (ત.ઉ.શ.) ફરમાવે છે,

"દાઅવત ની તમામ મિલ્કતોની બરાબર સિયાનત(જાળવણી) થાય, આબાદ થાય, તાકે મુમેનીનને ફાયદા થાય."

## મુશ્કિલ કામ સહેલ થયું



શેખ અલી અસગર ભાઈ કોથાવાલા - આમિલ સાહેબ - ઉદયપુર

દરેક મસ્જિદનો પ્રોજેક્ટ - ભલે મુશ્કિલ લાગે પણ મૌલાનલ મીનઆમ (ત.ઉ.શ.)ની દુઆ ની બરકતથી આસન થઈ જ જાય છે. અદ્દાઈલ અજલ સૈયદના મોહમ્મદ બુરનુદ્દીન (રી.અ.)એ મમલુકે સૈયદનલ મીનઆમ (ત.ઉ.શ.)ને ધાર ગામની અમાલત સોંપી, તેમાં ખાસ નિર્દેશ થયો હતો કે મસ્જિદનું કામ પૂરું થાય.

ધાર પહોંચીને એમ માલૂમ થયું કે ત્યાંનાં મુમેનીનનું એમ કહેવું હતું કે મસ્જિદ માટે પૂરતું ફંડ નથી અને કામ શરૂ થશે તો કદાચ વચમાં થી બંધ કરી દેવું પડે, એનાં કરતાં એક હૉલ બનાવામાં આવે તો સારું છે.

ગામમાં 6 મહિના સુધી સબકો જારી રહ્યા જેનાં કારણે મુમેનીનને પણ મસ્જિદ બનાવવા બાબત હિંમત આવી, એક પ્લાન તૈયાર કરીને મુમેનીનને બતાવામાં આવ્યો અને એમ કહેવામાં આવ્યું કે, પૂરતું ફંડ તમામ થશે તે બાદ જ કામ શરૂ કરવામાં આવશે.

મુમેનીને ઘણો સકારાત્મક પ્રતિસાદ આપ્યો અને ઘણા ઓછા સમયમાં જ ગામથી લગભગ 50 લાખની રકમ જમા થઈ ગઈ, તે બાદ ગામના બહારથી મુમેનીન શામિલ થયા, અને મૌલાનલ મીનઆમ(ત.ઉ.શ.) તરફ થી ફાખીર રકમ ઈનાયત થઈ.

એક એવી ક્રાંતિ થઈ કે મુમેનીન દરેક રીતે મસ્જિદની ખિદમતમાં શામિલ થયાં, અમુક મુમેનીન રોજનાં દસ રુપિયા જમા કરતાં.

આ રીતે મૌલાનલ મીનઆમ (ત.ઉ.શ.)ની નઝરાતના કારણે આટલો મુશ્કિલ પ્રોજેક્ટ તમામિયતને પહોંચ્યો.

ખુદા ની રચનાથી ફાયદો લેવું

### સાગર



સાગરમાં કબ્રસ્તાનનીં લગભગ **2500** સ્ક્વેર ફૂટની જગ્યા છે, તે જગ્યા બરાબર ઉપયોગમાં નહોતી લેવાતી, તો ત્યાં વર્મીકલ્ચર (કૃમિ ખાતર)નો પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં મિશ્ર ખાતર અને રસાયણી ખાતર બનાવવામાં આવે છે, જે કુદરતી ખાતર છે. આ પ્રોજેક્ટના કારણે જમાઅતને ઘણો ફાયદો થાય છે.

## ઈમાન નાં શહેરોથી ઉમુર અમલાકની જલક

પાણી ની સગવડ

### સિરોન્જ




સિરોન્જ નાં કબ્રસ્તાનની જમીન ઘણી મોટી છે, તેનાં એક હિસ્સામાં ખેતી કરવામાં આવે છે, પાછલાં વર્ષોમાં પાણીની ઘણી અછત રહેતી હતી, અને ખેતીમાં ઘણી મુશ્કેલીઓ આવતી, આ સમસ્યાને ધ્યાનમાં રાખી કબ્રસ્તાનમાં એક નાનો ચેક ડેમ બનાવવામાં આવ્યો, તેનાં લીધે વરસાદની ઋતુમાં પાણી સંગ્રહ થઈ જાય છે, જે પાણી ખેતીમાં અને તેનાં સિવાય બીજા ઉપયોગ માટે પૂરા વર્ષ માટે પૂરતું થઈ જાય છે.

## મસ્જિદોની સુરક્ષા અને જાળવણી



### શેખ મોઈઝભાઈ રાગીબ

અલ મસ્જિદલ મોઅઝ્ઝમ - સુરતના ઈફતેતાહના સમયે અદ્દાઈલ અજલ સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન (ર.અ.) એ મસ્જિદની દેખભાળ માટે 21 મેમ્બરોની કમિટીની રચના કરી, તેમાં આપના બે શેહઝાદાઓ - અદ્દાઈલ અજલ સૈયદના આલિકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ.) અને અલસૈયદુલ અજલ અલમુકદ્દસ શેહઝાદા હુઝૈફાભાઈસાહેબ મોહીયુદ્દિન (ક.રૂ.)ને બોર્ડના અધ્યક્ષ નિમણૂક કર્યા, તે દરમિયાન એક મિસાલ શરીફ જારી થાય હતા, જેમાં અલમસ્જિદલ મોઅઝ્ઝમની ઈમારતની સુરક્ષા અને તેની મહાનતાને લગતી ઝીકરો કરવામાં આવી હતી.

અવલિયાઉલ્લાહ (અ.સ.) અને હુદૂદ કિરામ (ક.રૂ.)એ મસ્જિદોની મહાનતા અને સુરક્ષાને લગતી ઘણી શિખામણો આપી છે. એક વખત અમીરૂલ જામેઆ સૈફિયાહ અલમૂકદ્દસ મસ્જિદમાં તશરિફ લાવ્યાં, મસ્જિદની સફાઈ નહોતી થઈ, આપ એ - તે બાબતમાં સવાલ કર્યો અને કીધું કે મસ્જિદની સફાઈ શું ફક્ત મૅનેજર / ખિદમત ગુઝારોની જિમ્મેદારી છે? આ સવાલ કરીને એમ બતાવી દીધું કે મસ્જિદની સફાઈ દરેક મુઅમિનની જિમ્મેદારી છે.મૌલાનલ મિનઆમ (ત.ઉ.શ.) એક રોજ અલમસ્જિદલ મોઅઝ્ઝમમાં તપાસ માટે તશરિફ લાવ્યાં, ત્યાં કંઈ કચરો પડ્યો હતો, આપ એ બેઝાતેહિસ્ શરીફા તેને ઉઠાવી લીધો અને પોતાના હાથમાં જ રાખ્યો. તેવી જ રીતે આપ એ જે વખત જોયું કે મિસરની મસ્જિદમાં અગ્નિ સુરક્ષા માટે સાવચેતી લેવામાં આવે છે , તે વખતે આપ એ મમલુકે સૈયદના (ત.ઉ.શ.)ને ફોન પર ફરમાવ્યું કે અલમસ્જિદલ મોઅઝ્ઝમમાં પણ એમ કરવામાં આવે.

# MASAJID COUNTS

**Total Masajid**

**1000+**

સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન (રી.અ.) વારંવાર ફરમાવતાં કે “જે દિનસી  અલજામેઅ અલઅનવર આબાદ થઈ છે, દાઅવતમાં બરકાત બરકાત થઈ ગઈ છે,”

આ આલેખીય માહિતીમાં જોવાય છે કે છેલ્લા ચાલીસ વરસમાં દાઅવતની મસ્જિદોમાં કેટલી બરકત થઈ છે અને કેટલી મસ્જિદો બની છે.

| | |
|---|---|
| Ahmedabad | 86 |
| Burhanpur | 45 |
| Indore | 48 |
| Kolkata | 6 |
| Bhopal | 32 |
| Dohad | 47 |
| Jamnagar | 173 |
| Madras | 18 |
| Nasik | 25 |
| Mumbai/Marol | 40 |
| Nagpur | 34 |
| Yemen | 48 |
| Poona | 16 |
| Rampura | 88 |
| Surat | 44 |
| East Africa | 31 |
| Far East | 16 |
| Indian Ocean | 25 |
| Khaleej | 7 |
| Pakistan | 31 |
| UK | 6 |
| Taherabad | 47 |
| Ujjain | 74 |
| USA | 13 |

## ઈમાન નાં શહેરોથી ઉમુર અમલાક ની જલક

### જમીનના શ્રેષ્ઠ પરિણામો

## દિનગઢબારિયા

2018 માં અમારી નવી જમાઅત રચાય, જમાઅત પાસે પૂરતું ભંડોળ ન હતું અને આવકનો કોઈ વિકલ્પ પણ ન હતો, તે દરમિયાન એમ માલૂમ પડ્યું કે જમાઅત પાસે એક જમીન હતી જે 8-10 વર્ષથી ઉપયોગમાં ન્હોતી આવતી, તો એમ નક્કી કર્યું કે તે જમીન પર ગોડાઉન બનાવીને આવક શરૂ કરીએ, મૌલાનલ મીનઆમ (ત.ઉ.શ.) ની રઝા અને દુઆઅ મુબારકથી આજે બેહમ્દિલ્લાહ્ આ પ્રોજેક્ટથી સારી આવક થાય છે.

### દસ્તાવેજની ગોઠવણ

## ગોધરા

ગોધરા જમાઅત ઘણી કાળજીથી દસ્તાવેજોને સંભાળીને રાખે છે, ચેરિટી અને વકફના દસ્તાવેજોને સમયાંતરે અપડેટ કરવામાં આવે છે, દસ્તાવેજો માટે ખાસ ફાઈલો રાખવામાં આવી છે જેમાં અનુક્રમણિકા બનાવીને નિયમિત રીતે દસ્તાવેજો મૂકવામાં આવ્યા છે, જેના કારણે તે દસ્તાવેજ જરૂરત સમયે આસાનીથી મેળવી શકાય છે. નાણાકીય વ્યવસ્થાપન અને અંદાજપત્રમાં આ ગોઠવણના કારણે ઘણો ફાયદો થાય છે.

## મુમેનીન ના તાઅસુરાત

### મુમેનીનની ઝીંદગીમાં અલ જામેઅ અલ અનવરની બરકાત

અમ્તે સૈયદના (ત.ઉ.શ.) તાલેબાતુલ મુમેનાતમાં ખિદમત કરતી હતી, દર અઠવાડિયા મસ્જિદની સફાઈ માટે ગ્રુપોનો વારો થતો, એમાં ખુદા તઆલા નું ઘર - જેની જાડુ મલાએકત કરે - તેને સાફ રાખવાની ખિદમત અમને નસીબ થઈ, મૌલાનલ મીનઆમ (ત.ઉ.શ.)એ અલ જામેઅ અલ અનવરમાં નઝાફતનું અમલ ફરમાવ્યું - તે યાદ કરીને તૌફીક લેતા હતા. આ અમલથી ઝીંદગીના દરેક ઉમુરમાં સફાઈ / હાયજિનની આવડત આવી જાય છે, તે સાથે જે સગલા 15 દિવસ સુધી આ ખિદમત કરતાં, તેમને મૌલાનલ મીનઆમ (ત.ઉ.શ.)ના ગુરફા મુબારકામાં સજદા દેવું નસીબ થતું.

**ફાતેમા ઈઝ્ઝી - દુબઈ**

### તશરીફ આવરીની ઉમ્મીદ

હું 20 વરસથી સંગમનેરમાં રહું છું, અને મારી ઉમ્મીદ છે કે મૌલાનલ મીનઆમ (ત.ઉ.શ.) અમારા ગામમાં પધારે અને અમને નવાઝે, તે ઉમ્મીદમાં અને મૌલાનલ મીનઆમ (ત.ઉ.શ.)ની બેશુમાર નેઅમતોનાં શુકરમાં મમલુકે સૈયદનલ મીનઆમ (ત.ઉ.શ.) ગામની મસ્જિદ બને - અને તેમાં ખિદમાતમાં શામિલ થવું એમ નિય્યત કીધી છે, જેથી તેનાં ઈફતેતાહ માટે મૌલાનલ મીનઆમ (ત.ઉ.શ.) તશરિફ લાવે.

**હુઝૈફાભાઈ - સંગમનેર**

### માસિક પ્રવૃત્તિ

### અમલાક ક્વિઝ

દાઅવતની ઇમારતોમાં ફાતેમી સ્થાપત્યનું અનોખાપણું જોવાય છે, તમને તે મિલ્કતો અને ઇમારતોનાં વિશે શું ખબર છે?નીચે આપેલ ક્વિઝનો પ્રયાસ કરીને જોઈએ!

CLICK HERE

### ફાયદામંદ શબ્દો

وجمروها في كل سبعة ايام،
وضعوا فيها المطاهر




તમે બધા મસ્જિદોનો આદર કરો, તેને સાફ રાખો, ઓછામાંઓછા સાત દિવસે એકવાર બુખુર કરો, અને તેમાં સફાઈ(હોઝ/પાકીઝગી)ની ચીઝો તૈયાર રાખો.

امور الاملاك
جماعة المؤمنين
WAQAF & TRUST

سلك حيوة
-SILK-E-HAYAAT-